# ‘અંગુરી ભાભી’ શિલ્પા શું કરણવીર બહોરાને પરણશે?

ગપશપ

શિલ્પા શિંદે કહો તો ન ઓળખાય પણ ‘અંગુરી ભાભી’ કહો તો તરત ઓળખાય એવી શિલ્પા શિંદે હમણાં તો ‘ખતરો કે ખિલાડી’ની ચૌદમી સિઝનમાં ખતરાથી ખેલી રહી છે પણ અંગત જીવનમાં પણ તે હવે ખતરાથી ખેલવા તૈયાર છે. તેની ઉંમર 49ની છે. અત્યાર સુધી તે કુંવારી હતી અને હવે તે પરણવાની છે અને એવા સાથે કે જે બે વાર પરણી ચૂક્યો છે. નામ છે કરણવીર બહોરા કરણવીરની ઉંમર 42 વર્ષ છે. ‘કસૌટી ઝિંદગી કી’, ‘દિલ સે દી દુઆ’, ‘શરારત’, ‘નાગીર-2’, કબૂલ હૈ’ જેવી ટી.વી. સીરિયલો અને થોડી ફિલ્મોમાં ચમકેલો કરણવીર અગાઉ વીજે ટીજય સિંઘને પરણેલો અને જોડકાં દિકરીના મા-બાપ પણ બનેલા. તો શિલ્પા આ પહેલાં રોમિત રાજને પરણવાની હતી. સગાઈ પણ થયેલી અને કાર્ડ પણ છપાઈ ગયેલા. સાવ છેલ્લે એ સગાઈ તૂટી ગઈ. શિલ્પાએ ત્યાર પછી વિચારેલું કે હવે પરણવું જ નથી. હવે તે કરણવીર સાથે પરણવા વિચારે છે. ‘ખતરોં કે ખિલાડી’માં બંને સાથે હતા અને આ દરમ્યાન આ સંબંધ રચાયો છે જો પરણે તો માનવું કે તે સાચી વાત હતી. બાકી અફવા માનજો. કરણવીરે જોકે કહ્યું છે કે જો અમે આ સ્ટંટ જીતી જઈશું તો પરણીશું. પરણવું જ હોય તો આવી શરત હોવી જોઈએ ખરી? શો દરમ્યાન તેણે શિલ્પાને ‘આઈ લવ યુ’ પણ કહ્યું હતું.

શિલ્પા અત્યારે જોકે એક બીજા કારણે પણ ચર્ચામાં છે. તેણે કહ્યું છે કે કારકિર્દીમાં આરંભે એક હિન્દી ફિલ્મ નિર્માતાએ તેની પર સેક્સ માટે બળજબરી કરી હતી. એ વાત 1998-99ની છે કહે છે કે તે વખતે હું બહુ માસુમ હતી. ખેર! રોમિત રાજને 2009માં ન પરણી શકેલી ‘અંગુરી ભાભી’ હવે કરણવીરની પત્ની બની જશે તો બની જશે.

શિલ્પા ‘ભાભી’ નામની ટી.વી. સિરીયલમાં નકારાત્મક ભૂમિકાથી ચર્ચામાં આવી હતી અને પછી ‘કભી આયેના જુદાઈ’, ‘સંજીવની’, ‘આમ્રપાલી’ ટી.વી. સિરીયલથી તેનું સ્થાન જામી ગયું હતું.

‘ભાભીજી ઘર પે હૈ’માં તે અંગુરી ભાભી તરીકે આવી અને જરબદસ્ત લોકપ્રિય બની.

તેનું ચુલબુલાપણું બહું સંમોહક હતું પણ 2009માં તેણે એ સિરીયલ છોડી અને ત્યારબાદ બે તેલુગુ ફિલ્મોમાં કામ કર્યું. ‘ભાભી જી ઘર પે હૈ પછી ‘છેતરીવાલી’ અને ‘મેડમ સર’ ટી.વી. સિરીયલમા ય આવી છે. પણ હમણાં ‘ખતરોં કે ખિલાડી’ અને સંભવિત લગ્નને કારણે ચર્ચામાં છે. ●



# કોમિક સ્ટાર બનાવનારો OG ક્રિએટર: તન્મય




આજના Gen-Z વાચકો સિવાયના લોકો માટે આ નામ, આ ચહેરો અજાણ્યો હોય શકે છે પણ યુટ્યુબ જોનારા યંગ નેટિઝન માટે છેક 2012થી આ ચહેરો હસવાનું કારણ છે. સ્ટાયર, ડાર્ક કોમેડી, થોડી એડલ્ટ, થોડી પોલિટિકલ કૉમેડી કરતી AIB નામની ચેનલના ઘણા બધા પાર્ટનરમાંનો એક તન્મય ભટ; જેણે AIBના બ્રાન્ડ નેમ અંડર ઘણા બધા હિટ શૉઝ બનાવ્યા. જેવા કે ઑનેસ્ટ શૉ, AIB પોડકાસ્ટ, AIB નોકઆઉટ, કોમેડી સ્કેચ, પેરોડી, રોસ્ટ શૉઝ જેવા અલગ અલગ કોમેડી કોન્ટેન્ટ નવા ઈન્ટરનેટ વાપરતા થયેલા યંગ ઑડિયન્સને આપ્યા. AIBના ફેન્સ હેવી વૅઈટ તન્મય ભટને ઓળખતા હશે, અને ઘણા લોકો AIB બંધ થયા પછી તન્મયને ઓળખતા થયા હશે, તેની જોયેલી એડ્વર્ટાઈઝ, પ્રોડ્યૂસ કરેલી ફિલ્મ ‘ચિન્ટુ કા બર્થ ડે’કે તેના અલગ અલગ પોડકાસ્ટ કે મિમરીવ્યુ જેવા વીડિયોઝથી. તન્મય અત્યરે સમાચારમાં છે તેણે કરેલા વૅઈટ લોસને કારણે, 168 કિલોનો તન્મય લગભગ 1-2 વર્ષની મહેનત પછી 110Kg સુધી પહોંચી ગયો છે!

તન્મયની શરૂઆત થઈ હતી UTV બિંદાસ ચેનલનાં એક શૉ હસ લે ઈન્ડિયાથી, તેણે સરોજ ખાનનો MTV પર આવતો શૉ નાચ લે વિથ સરોજ ખાન લખ્યો, તમે જોયેલા અમુક એવોર્ડ શૉઝ જેવા કે સ્ટાર પરિવાર એવોર્ડ્સ, ફિલ્મફેર એવોર્ડ્સ, સ્ટારડસ્ટ એવોર્ડ્સની સ્ક્રિપ્ટ તેણે તેના શરૂઆતી કરિયરમાં લખી, આ બાદ 2012માં આવ્યું AIB અને ટીવીમાં આવતા કહેવાતા ‘ઘરેલુ લાફ્ટર શૉ’થી અલગ કોમેડી જોવા મળી, કોઈ ઍડમાં રાહુલ દ્રવિડ પાસે ગુંડાગીરી કરાવવી કે, એક્ટર જ્હૉની સિન્સને સંસ્કારી દેખાડવો! રવિ શાસ્ત્રી, કરણ જોહરના અલગ અંદાજ, લેજેન્ડરી ઈરફાન ખાન પાસે મિમ કેરેક્ટર સ્કેચ પર્ફોમ કરાવવો આ બધા ખુરાફાતી સ્ક્રિપ્ટ પાછળ તન્મયનું જ દિમાગ, હાલનાં સૌથી ફેમસ સ્ટેન્ડપ સ્ટાર ઝાકીર ખાન પણ તન્મય માટે જાહેરમાં કહી ચુક્યો છે કે મને પહેલો સ્ટેજ આપનારો તન્મય; એની પાસે વિઝન છે, કન્સિસ્ટન્સી છે. એટલે જ જ્યારે AIB બંધ થઈ તેના થોડાં જ સમયમાં વ્લોગ્સ, ગેમ સ્ટ્રીમિંગ, ઍડવર્ટિઝમેન્ટ, પોડકાસ્ટ, રિવ્યુ શૉથી પોતાની અલગ OG ઈમેજ ઉભી કરી દીધી!

ટીનેજ ગ્રુપની એક બહુ મોટી, ફેન ફોલૉઈન્ગ તેના વીડિયો જુએ છે, તેને ફોલો કરે છે. મોટા ભાગના નવા સ્ટેન્ડઅપ કોમિક તેની ગુડ લિસ્ટમાં આવવા માંગે છે તેણે ઘણા નવા સ્ટેન્ડઅપ આર્ટિસ્ટને ચાન્સ આપ્યા એટલે જ તેને લોકો કોમિક વર્લ્ડના કરણ જોહર સાથે સરખાવે છે! »Metoo વખતે તેના દોસ્તને બચાવવાના આરોપ પણ લાગેલા, AIB નોકઆઉટ શૉ પછી તો આલિયા, અર્જુન રણવીર, દીપિકા સાથે તેની પર પણ કેસ થયેલો. કોન્ટ્રોવર્સીમાં ફસાતો રહેતો પણ હવે તેનાથી ઘણો દૂર છે અને તેના ફેન્સની નજીક. ●


# અંધાધૂંધ સંગીતનો સિક્રેટ સુપરસ્ટાર અમિત ત્રિવેદી

મ્યુઝિકલી યૉર્સ

આજકાલની ફિલ્મોના મ્યુઝિકમાં દમ નથી, સાંભળવા નથી ગમતા એવી રાવ કરવી તમને ગમતી હોય તો તમારે આજના મ્યુઝિક કમ્પોઝર, સિંગર અમિત ત્રિવેદીના ગીતો સાંભળવા અથવા તમને મનગમતા ગીતોમાં એમનું સંગીત સામેલ હશે તેવી શક્યતા છે. હવે યાદ કરો પાછળ દસ વર્ષોમાં આવેલી કઈ ફિલ્મનું સંગીત બહુ ગમ્યું? કાઈપો છે, ક્વિન, લૂટેરા, બોમ્બે વેલ્વેટ, ફિતૂર, ઉડતા પંજાબ, સિક્રેટ સુપરસ્ટાર, અંધાધૂંધ, કેદારનાથ, કલા, Mr. | Mrs માહી જેવી ફિલ્મનું સંગીત તમને ગમતું હોય તો તમે અમિત ત્રિવેદીના કામથી વાકેફ છો. મુંબઈની કોલેજમાં સાથે ભણતા ફ્રેન્ડ્સ સાથે ઓમ બેન્ડ બનાવી ફરતા અમિતને 2008માં આવેલી ‘આમીર’થી ઈન્ડસ્ટ્રીમાં બ્રેક મળ્યો. જોકે આ પહેલા તે અનુરાગ કશ્યપની ફિલ્મ દેવ-ડી માટે સંગીત બનાવી ચુક્યો હતો પણ 2009માં તે રીલીઝ થતાં આમીર તેની પહેલી ફિલ્મ બની. 2020માંથી પોતાનું બેન્ડ AT આઝાદ બનાવી ઈન્ડિપેન્ડન્ટ મ્યુઝિક રિલીઝ કરી રહ્યો છે, સંગીતમાં તેનો મનગમતો પ્રકાર જેઝ, રોક, વેસ્ટર્ન ક્લાસિકલ છે, આ બધાની અસર તેના સંગીતમાં તમને જોવા મળશે. તે ઈલેક્ટ્રોનિક મ્યુઝિક પણ બનાવે છે, મન થાય તો મમ્મીએ લખેલા ગરબાને કમ્પોઝ કરે, (મોતી વેરાણાં ચોકમાં) કોક સ્ટુડિયોમાં બનાવેલા રાજસ્થાની ગીત ચૌધરી તો હજીયે ઈન્સ્ટાગ્રામ પર ટ્રેન્ડ કરે છે. તે ગુજરાતી ફિલ્મોમાં ધૂન આપે છે, તેને ગમતા ગીતોમાં પોતે અવાજ આપે છે, ભારતના લોક સંગીતકારોને મળી એમની સાથે મ્યુઝિક બનાવે! અમિત સંગીત બનાવવા સુધી સિમિત નથી તેને સાચવે પણ છે.

‘આજના દોરમાં RD બર્મન કંઈક આવું સંગીત બનાવતા હતે’ એવું અમિતના સંગીતને સાંભળી લાગે. અલગબત એક સમયે સંગીતકારો પર જે આરોપ લાગે તેવો તેના પર પણ સંગીત ચોરીનો આરોપ લાગેલો! એણે પોતાનો બચાવ કર્યો, ‘કાઈપો છે’ના ડિરેક્ટર જ્યારે અમિતને મળ્યા ત્યારે તેના બનાવેલા સંગીતથી એટલા પ્રભાવિત થઈ ગયા કે અમિતને સંગીત માટે જ ના પાડી દીધી. ડિરેક્ટર અભિષેક કપૂરને એવું લાગ્યું કે આ સંગીત ચોરેલું છે! કન્ફ્યુઝન દૂર થયું પાછળથી અભિષેકે બનાવેલી પાંચેય ફિલ્મોમાં સંગીત અમિતનું જ રહ્યું. અમિતના સંગીતમાં એક જમા પાસું એ છે કે તેના ભાગમાં વરુણ ગ્રોવર, સ્વાનંદ, અમિતાભ ભટ્ટાચાર્ય, શેલી, જેવા અત્યારના સૌથી સારા ગીતકરો આવ્યા છે. તે પોતે સારો લિરિસિસ્ટ છે.

મ્યુઝિક, બોલીવુડની અલગ ઓળખ બની ચુકેલો મહત્વનો ભાગ છે. ‘મ્યુઝિક હિટ તો ફિલ્મ સુપરહિટ’ નામનો ગોલ્ડન રૂલ મોટાભાગની ફિલ્મો પર લાગૂ પડ્યો છે. ફિલ્મ મેકિંગની સમાન્તર મ્યુઝિક કંપનીઓનું અલગ માર્કેટ છે. એમાં અર્થતંત્ર અને આર્ટિસ્ટ કઈ રીતે કામ કરે છે તે જાણવા મ્યુઝિક આધારિત વેબસીરીઝ ‘ખલીબલી રેકોર્ડ્સ’ આવી રહી છે. જેમાં રામકપૂર, સ્કંદ ઠાકુર, સલોની બત્રા જોવા મળશે પણ મ્યુઝિક ડિરેક્ટર અમિત આ સિરીઝના સંગીતને લઈ ખુબ ઉત્સાહી છે. આ પહેલા જ્યુબલી, ગ્રહણ જેવી વેબસીરીઝમાં તેનું સંગીત સાંભળવા મળ્યું હતું. ઉપરાંત રોકેટ ગેંગ, કલા, પ્યાર મોહોબ્બત ડીજે, ઉડતા પંજાબ, અંધાધૂંધ, ફન્નેખાન, સિક્રેટ સુપરસ્ટાર, ઉડાન જેવી મ્યૂઝીક બેઝ્ડ ફિલ્મોમાં સંગીત આપી ચુક્યો છે. અમિત પાસે સંગીતની વિવિધતા છે. તે પ્રયોગ કરે છે. આવનારા સમયમાં હજી ઘણું સારુ સંગીત તેની પાસેથી સાંભળવા મળશે. ●



# HOLLYWOOD News

# આ રીતે સ્કૂલનો જીમ ટીચર હ્યુ જેકમેન વૂલ્વરીન બન્યો !



પરફેક્ટ બોડી વાળો, સિલ્વરસ્ક્રિન પર દુશમનોના ભુક્કા બોલાવતો X-મેન સુપરહીરો હ્યુ જેકમેન વુલ્વરીન બને તે પહેલા ઈંગ્લેન્ડની સ્કૂલમાં છોકરાઓને ડ્રિલ, અને પુશઅપ્સ કરાવડાવતો હતો! ઓસ્ટ્રેલિયા સિડનીમાં જન્મેલા હ્યુ જેકમેનને પહેલા તો પત્રકાર બનવું હતું, એ માટે તેણે ઑસ્ટ્રિલયામાં કોમ્યુનિકેશનની ડિગ્રી મેળવી અને ત્યારે સ્કુલ ટાઈમથી નાટકો કરતા હ્યુને થયું કે મારે તો એક્ટર બનવું છે! તે ઈંગ્લેન્ડ આવ્યો, ત્યાં સ્ટ્રગલ કર્યું અને 2000માં વુલ્વરીન બને તે પહેલા પૈસા કમાવવા સ્કૂલમાં જીમ ટ્રેઈનર હતો. કદાચ આ જ તેની સ્ટીલ બોડી પાછળનું સિક્રેટ છે! તેની વૂલ્વરીન સિવાય કેટ | લિઓપોલ્ડ, લે મિઝરેબલ, ધી ગ્રેટેસ્ટ શૉમેન જેવી ફિલ્મો પણ જોવી જ્યાં મારામારી સિવાય એક્ટિંગ પણ જોવા મળશે.

# બિલિયોનેર સેલિના ગોમેઝ જ્યારે 1$ માં જમવાનું ખરીદતી

સેલિના ફેન્સ માટે આ વીક મજેદાર રહ્યું હશે, 32 વર્ષની સિંગર-એક્ટર સેલિના ઓફિશિયલી બિલિયોનેર ક્લબમાં એન્ટર થઈ ચુકી છે. મ્યુઝિક અને એક્ટિંગથી દૂર સેલિના 1 જ વર્ષમાં 500 મિલિયન ડોલર કઈ રીતે કમાણી? તેની બ્યુટી પ્રોડક્ટ બ્રાન્ડ રેરથી તેના રેવેન્યુમાં 500M$ એક જ વર્ષમાં એડ થયા છે. પણ આ સેલિનાનું બાળપણ ખુબ ગરીબીમાં વિત્યું હતું, તેનો જન્મ થયો ત્યારે તેની મમ્મી ફક્ત 16 વર્ષની હતી, આ સિંગલ મધરને દિવસમાં 3 નોકરી કરવી પડતી ત્યારે સેલિનાને આ ખ । દિવસમાં જમવા માટે ફક્ત 1$ મળતો. સેલેના 10 વર્ષની હતી જ્યારે તેણે ‘બાર્ને એન્ડ ફ્રેન્ડ્સ’ શૉ થી એક્ટિંગ સ્ટાર્ટ કરી પછી તો ‘ધ વિઝાર્ડ્સ ઓફ વેવરલી પ્લેસ’ જેવા ડિઝની શોમાં જોવા મળી. 2013થી મ્યુઝિક આર્ટિસ્ટ તરીકે તેની સફર શરૂ કરી અને સપ્ટેમ્બર 2020માં, સેલેનાએ મેકઅપ અને કોસ્મેટિક્સ બ્રાન્ડ, રેર બ્યુટી લોન્ચ કરી. અત્યારે રિહાન્ના અને ટેલર સ્વિફ્ટની સાથે, સેલેના હવે સૌથી નાની ઉંમરમાં સેલ્ફમેડ બિલિયોનેરમાની એક છે.

